ગોચર અગોચર

શ્રાવણનાં સોમવારનું ખરેખર શું મહત્ત્વ છે?

શ્રાવણ માસમાં આશુતોષ ભગવાન શંકરની પૂજાનું વિશેષ મહત્ત્વ છે.

જે દરરોજ પૂજનના કરી શકે તો તેમણે સોમવારે શિવપૂજા અવશ્ય કરવી જોઈએ અને વ્રત (ઉપવાસ) રાખવો જોઈએ.

'સોમવાર' ભગવાન શંકરનો પ્રિય દિવસ છે એટલે સોમવારે શિવારાધના કરવી જોઈએ. આ પ્રકારે મહિનાઓમાં શ્રાવણ માસ ભગવાન શંકરને વિશેષ પ્રિય છે એટલે શ્રાવણ માસમાં દરરોજ શિવોપાસનાનું વિધાન છે. શ્રાવણમાં પાર્થિવ શિવપૂજાનું વિશેષ મહત્ત્વ છે એટલે પ્રતિદિન અથવા પ્રતિ સોમવાર તથા પ્રદોષમાં શિવપૂજા કે પાર્થિવ શિવપૂજા અવશ્ય કરવી જોઈએ.

આ મહિનામાં લઘુરુદ્ર, મહારુદ્ર અથવા અતિરુદ્ર પાઠ કરાવવાનું પણ વિધાન છે. શ્રાવણ માસમાં જેટલા પણ સોમવાર આવે છે - તે બધામાં શિવજીનું વ્રત કરવામાં આવે છે. આ વ્રતમાં ગંગાસ્નાન અથવા કોઈ પણ પવિત્ર નદી કે સરોવરમાં અથવા વિધિપૂર્વક ઘર પર જ સ્નાન કરીને શિવમંદિરમાં જઈને સ્થાપિત શિવલિંગનું કે પોતાના ઘરમાં પાર્થિવ મૂર્તિ બનાવીને યથાવિધિ ષોડશોપચાર પૂજન કરવામાં આવે છે. શક્ય હોય તો વિદ્વાન બ્રાહ્મણ પાસે જ રુદ્રાભિષેક પણ કરાવવો જોઈએ. આ વ્રતમાં શ્રાવણ માહાત્મ્ય અને શ્રી શિવ મહાપુરાણની કથા સાંભળવાનું વિશેષ મહત્ત્વ છે.

પૂજન પત્યા બાદ બ્રાહ્મણ-ભોજન કરાવીને એક વાર જ ભોજન કરવાનું વિધાન છે.

ભગવાન શિવજીનું આ વ્રત બધી મનોકામનાઓને પૂર્ણ કરનારું છે. પરંતુ તમે શ્રદ્ધાથી, વિશ્વાસથી તેમ જ આખો દિવસ શુદ્ધ આચરણ, બોલવું-ચાલવું કરીને શિવમય બનીને ઉપવાસ કરવાથી સો ટકા પરિણામ જોવા મળે છે. પરંતુ બટાકા વેફર, કેળા વેફર, ફરાળી ચેવડો વગેરેમાં તમારો જીવ હોય તો તે ઉપવાસ ફળતો નથી... ફક્ત કેળા અને દૂધ કે દૂધની બનાવટથી જ આખો દિવસ ઉપવાસ કરવો જોઈએ. બાકી દેખાડો કરવા ઉપવાસ ના કરવો જોઈએ... તેના કરતા ઉપવાસ ના કર્યો સારો... આખો દિવસ 'ૐ નમઃ શિવાય' કે 'શિવાય નમઃ' મંત્રનો જપ ચાલુ જ રાખવો. જુઓ પછી શિવકૃપા કેટલી થાય છે. કોઈના ઘરમાં રોગ હોય તો મહામૃત્યુંજય પૂજા અને હવન જાણકાર પાસે કરાવવું જોઈએ.

કાળચક્ર
યજ્ઞાનંદ

ચમત્કારિક તાંત્રોક્ત ઉપકરણઃ
સ્વર્ણાકર્ષણ ગુટિકા

તે કાળા રંગની ગોળ ગોળીની જેમ ગુટિકા હોય છે, જે કુદરત તરફથી માનવને વરદાન સ્વરૂપ પ્રાપ્ત થાય છે. તેને જો સૂર્યની તરફ રાખીને જોઈએ તો તેમાંથી પ્રકાશ નીકળતો દેખાશે અથવા સૂર્ય સામે તેને જોવાથી ઉપરથી કાળો રંગ હોવા છતાં પણ સામે તેને જોવાથી ઉપરથી કાળો રંગ હોવા છતાં પણ ઝાંખવાથી બીજા પ્રકારની રોશની દેખાય છે.

સાધનાઓમાં સ્વર્ણાકર્ષણ ગુટિકાનું વિશેષ મહત્ત્વ છે. આ ગુટિકા મંત્ર સિદ્ધ પ્રાણ પ્રતિષ્ઠાવાળી હોવી જોઈએ ત્યારે જ તે વિશેષ અનુકુળ ફળ આપે છે. સામાન્ય સ્તરની ગુટિકા ઘરમાં સુખ અને સૌભાગ્ય તો આપે જ છે. પરંતુ જો તેના પર વિશેષ પ્રયોગ સંપન્ન કરવો હોય તો મંત્ર સિદ્ધ ચૈતન્ય, પ્રાણ-પ્રતિષ્ઠાયુક્ત સ્વર્ણાકર્ષણ ગુટિકા હોવી જોઈએ.

સાધકોના અનુભવોના આધારે આ વિશેષ મુહૂર્તો પર 'સ્વર્ણાકર્ષણ ગુટિકા'ના પાંચ મહત્ત્વપૂર્ણ પ્રયોગ સ્પષ્ટ કરવામાં આવ્યા છે. જોકે, સાધકો દ્વારા અજમાયેલા છે અને જેના માધ્યમથી દરેક વખતે સફળતા પ્રાપ્ત થઈ છે.

ગૃહસ્થના પ્રશ્નોના પ્રયોગ

1. કન્યાના શીઘ્ર તેમ જ અનુકુળ લગ્ન માટે
2. પુત્ર માટે યોગ્ય વહુની પ્રાપ્તિ માટે
3. પતિ-પત્નીમાં મધુરતા માટે
4. ઈચ્છિત સંબંધ વધારવા માટે.
5. વશીકરણ પ્રયોગ માટે.

સામગ્રીઃ મંત્ર સિદ્ધ પ્રાણ પ્રતિષ્ઠાવાળી 'સ્વર્ણાકર્ષણ ગુટિકા', 'મંગળની માળા', ધૂપબત્તી, દીવો, જલ-પાત્ર.

સાધના વિધાનઃ-

જે સાધક કે સાધિકા આ પ્રયોગને સંપન્ન કરવા ઈચ્છે છે તેઓ આ મુહૂર્તોમાં કોઈ સમય સ્વર્ણાકર્ષણ ગુટિકાને શુદ્ધ જળથી ધોઈને કોઈ તાંબાના પાત્રમાં ચોખાની ઢગલી બનાવીને તેના પર આ ગુટિકા મુકવી એ તેના પર કેશરનો ચાલ્લો કરવો અને ફૂલ ચઢાવવું. સામે દૂધનો બનેલો પ્રસાદ મૂકવો અને પછી નીચે લખેલા મંત્રનો જપ મંગળની માળાથી કરવો. મંત્ર જપથી પહેલા હાથમાં જળ લઈને સંકલ્પ કરવો, કે 'હું અમુક કાર્યની સિદ્ધિ માટે આ પ્રયોગ સંપન્ન કરી રહ્યો/રહી છું.'

મંત્રઃ

ઓમ વૈચાક્ષી કામરૂપાય કામદેવ્યૈ ઈચ્છિત કાર્ય સિદ્ધિં કરિ કરિ યં રં હ્રીં ફટ સ્વાહા

આમાં મંત્ર-જપ સંખ્યા નિર્ધારિત નથી. ફક્ત બે કલાક મંત્ર-જપ કરવો જોઈએ. ત્યાર બાદ સ્વર્ણાકર્ષણ ગુટિકાને ઉઠાવીને કોઈ સુરક્ષિત સ્થાન પર મૂકી દેવી જોઈએ. આમ કરવાથી સાધકને શીઘ્ર જ સફળતા મળે છે.

લક્ષ્મી પ્રાપ્તિ પ્રયોગ

આ પ્રયોગને અંતર્ગત નિમ્ન પ્રકારનાં કાર્યોની સિદ્ધિ પ્રાપ્ત કરી શકાય છેઃ

1. નવો વેપાર પ્રારંભ કરવા અને અનુકુળતા પ્રાપ્તિ માટે.
2. વેપારમાં આશ્ચર્યજનક પ્રગતિ માટે.
3. આર્થિક ઉન્નતિ માટે.
4. આકસ્મિક ધન પ્રાપ્તિ માટે.

સામગ્રીઃ મંત્ર સિદ્ધ પ્રાણ પ્રતિષ્ઠાવાળી 'સ્વર્ણાકર્ષણ ગુટિકા', 'કમળગટ્ટાની માળા', 'ધૂપ-બત્તી, દીવો, કેશર, જલ-પાત્ર.

સાધના વિધાનઃ

આ પ્રયોગને સંપન્ન કરવા માટે સાધકે પીળા રંગની ધોતી પહેરીને ઉત્તર દિશા તરફ મોં રાખીને બેસી જવું. સામે લાલ વસ્ત્ર પાથરીને તેના પર ચોખાની આઠ ઢગલીઓ બનાવવી. અને એક મોટી ઢગલી આગળ બનાવવી. પછી તેના પર સ્વર્ણાકર્ષણ ગુટિકા મુકી દો. ત્યાર બાદ તેના પર કેશરનું તિલક કરવું અને કમળગટ્ટાની માળાથી માત્ર બે કલાક નીચેનો મંત્ર બોલવો.

મંત્રઃ

ઓમ હ્રીં ધનધાન્યા દિપત્યે સ્વર્ણાકર્ષણ કુબેરાય સમૃદ્ધિ દેહિ દાપય સ્વાહા

મંત્ર જપ કરતા પહેલાં હાથમાં જળ લઈને સંકલ્પ કરવો કે, 'અમુક વેપાર કે અમુક કાર્ય માટે અને તેમાં પૂર્ણ સફળતા માટે આ પ્રયોગ આ વિશેષ મુહૂર્તના અવસર પર સંપન્ન કરી રહ્યો છું, જેમાં મને પૂર્ણ સફળતા મળે.'

બે કલાક મંત્ર જપ કર્યા બાદ તે ચોખાની ઢગલીઓની સાથે તે સ્વર્ણાકર્ષણ ગુટિકાને એ જ કપડામાં બાંધીને ઘરના કોઈ મહત્ત્વપૂર્ણ સ્થાન પર મૂકી દો. આમ કરવાથી તમોને શીઘ્ર જ મનોવાંછિત સફળતા પ્રાપ્ત થઈ જાય છે.

આકર્ષણ-કાર્યસિદ્ધિ-શત્રુ-સ્તમ્ભનના તાંત્રોક્ત પ્રયોગ

સ્વર્ણાકર્ષણ ગુટિકાનો જે આ પ્રયોગ બતાવવામાં આવ્યા છે તેમાં એ વાત વિશેષ ધ્યાનમાં રાખવી જોઈએ કે જે સ્વર્ણાકર્ષણ ગુટિકા પર એક પ્રયોગ સંપન્ન કરી લીધો હોય. તે ગુટિકાને કોઈ અન્ય પ્રયોગમાં ના લેવી... દરેક પ્રયોગ માટે અલગ-અલગ સ્વર્ણાકર્ષણ ગુટિકા હોવી જોઈએ, જો સાધક કે સાધિકા પૂર્ણ નિષ્ઠા અને શ્રદ્ધાની સાથે સાધના કરે તો અવશ્ય જ તેમને સફળતા મળે!

શત્રુ સ્તંભન પ્રયોગ

આ પ્રયોગના અંતર્ગત પાંચ પ્રકારના કાર્યોમાં સફળતા મળે છે...

1. શત્રુની ગતિ-મતિ બાંધવા માટે.
2. શત્રુઓ પર વિજય પ્રાપ્ત કરવા માટે.
3. કોર્ટ-કેસમાં સફળતા મેળવવા માટે.
4. શત્રુઓને પોતાને અનુકુળ બનાવવા માટે.
5. કોઈ પણ પ્રકારના રાજ્ય-કાર્યમાં સફળતા પ્રાપ્તિ માટે.

સામગ્રીઃ મંત્ર સિદ્ધ પ્રાણ પ્રતિષ્ઠા યુક્ત સ્વર્ણાકર્ષણ ગુટિકા, હકીકની માળા, અગરબત્તી, દીવો, જલ-પાત્ર, અષ્ટગંધ.

સાધના વિધાનઃ

જે સાધક આ પ્રયોગને સંપન્ન કરવા ઈચ્છે છે તે મંત્ર સિદ્ધ પ્રાણ પ્રતિષ્ઠા યુક્ત ચૈતન્ય સ્વર્ણાકર્ષણ ગુટિકાને જલ (પાણી)થી ધોઈને કોઈ પાત્રમાં અષ્ટગંધની ઢગલી બનાવીને તેના પર મૂકવી. અને સામે ગોળનો પ્રસાદ ચઢાવવો. પછી હાથમાં જળ લઈને સંકલ્પ લેવો કે, 'હું અમુક શત્રુની બુદ્ધિ નષ્ટ કરવા માટે કે અમુક કેસમાં સફળતા માટે કે અમુક કાર્યની સિદ્ધિ માટે આ પ્રયોગ સંપનન કરી રહ્યો છું. જેમાં મને શીઘ્ર અને પૂર્ણ સફળતા મળે.

મંત્રઃ

ઓમ ક્રીં કાલિકાય કાર્ય સિદ્ધિં દેહિ મમ કાર્ય સિદ્ધિં કરિ કરિ ક્રીં ક્રીં હું ફટ

આ પ્રયોગ માત્ર બે કલાકનો છે અને પ્રયોગ કર્યા બાદ ગુટિકાને ઘરના કોઈ સુરક્ષિત સ્થાન પર મૂકી દો. અને અષ્ટગંધને સળગાવી દો.. આમ કરવાથી શત્રુની બુદ્ધિ, ગતિ-મતિ બંધાઈ જાય છે અને સાધકને પોતાના ઈચ્છિત કાર્યમાં સફળતા મળે છે.

આ પ્રયોગ કોઈને નુકસાન પહોંચાડવા માટે કે દ્વેષ વશ કરવો જોઈએ નહી. ફક્ત આત્મ રક્ષાર્થે જ પ્રયોગ કરવો જોઈએ.

તંત્ર નષ્ટ પ્રયોગ

આ પ્રયોગથી નિમ્ન કાર્યોની સિદ્ધિ પ્રાપ્ત થાય છે

1. પોતાના પર કે પરિવારના કોઈ સભ્ય પર કોઈ તાંત્રિક પ્રયોગ કે ટોણાં-ટુચકા કર્યા હોય, તો તેને દૂર કરવા માટે.
2. વેપાર પર કે જીવનનાં અન્ય કોઈપણ કાર્ય પર કોઈને જાદૂ-ટોણાં કર્યા હોય તો તેને નષ્ટ કરવા માટે.
3. ભૂત, પ્રેત પિશાચ વગેરેને ભગાડવા માટે.

સામગ્રીઃ મંત્ર સિદ્ધ પ્રાણ-પ્રતિષ્ઠા યુગ્ત સ્વર્ણકર્ષણ ગુટિકા, મંગળની માળા, લોબાન, ધૂપ, જલપત્ર

સાધના વિધાનઃ

જે સાધક કે સાધિકા આ પ્રયોગેને સંપન્ન કરવા ઈચ્છે તેઓ આ દિવસે કોઈ પણ સમયે સ્વર્ણાકર્ષણ ગુટિકાને માટીના કુલ્લડમાં મૂકી દો. તેના ઉપર લગભગ સો ગ્રામ મરી કે સરસવના દાણાં નાખો. અને પછી જળ લઈને આ સંકલ્પ લો કે, 'અમુક કાર્યની સિદ્ધિ માટે આ પ્રયોગને સંપન્ન કરી રહ્યો છું'

ત્યાર બાદ નીચેના મંત્રનો જપ બે કલાક મંગળની માળાથી કરવો-

મંત્રઃ

ઓમ ક્લીં ક્રીં હું મમ ઈચ્છિત કાર્ય સિદ્ધિં કરિ કરિ હું ક્રીં ક્લીં ફટ

બે કલાક મંત્ર જપ કર્યા બાદ એ જ રાત્રે આ કુલ્લડને કાળાં મરી (કે સરસવ) અને સ્વર્ણાકર્ષણ ગુટિકા સહિત ક્યાંય પણ જમીનમાં દાટી દો. આમ કરવાથી શીઘ્ર જ તમને ઈચ્છિત સફળતા પ્રાપ્ત થઈ જાય છે.

સ્વાસ્થ્ય (આરોગ્ય) લાભ પ્રયોગ

તેના અંતર્ગત નિમ્ન કાર્યોની સિદ્ધિ કરી શકાય છે

1. જૂની બીમારી દૂર કરવા માટે
2. આરોગ્ય-પ્રાપ્તિ માટે.
3. અકાળ મૃત્યુને ટાળવા માટે.
4. પૂર્ણ યૌવન-સુંદરતા અને સ્વાસ્થ્ય પ્રાપ્તિ માટે.

સામગ્રીઃ મંત્ર સિદ્ધ પ્રાણ પ્રતિષ્ઠા યુક્ત સ્વર્ણાકર્ષણ ગુટિકા, પારદ મુદ્રિકા, કાળી હકીકની માળા, અગરબત્તી, જલપાત્ર.

સાધના વિધાનઃ

આ પ્રયોગ કોઈ પણ સમયે સંપન્ન કરી શકાય છે. કોઈ તાંબાના પાત્રમાં સ્વર્ણાકર્ષણ ગુટિકા તેમ જ પારદ મુદ્રિકાને મૂકીને તેના પર ધીરે ધીરે જલ ચઢાવતાં ચઢાવતાં નિમ્ન મંત્રનો જપ કરવો. જપ કરતા પહેલાં હાથમાં જળ લઈને સંકલ્પ કરવો કે, હું પોતાના માટે કે અમુક વ્યક્તિ માટે અમુક કાર્યની સિદ્ધિ માટે આ પ્રયોગ સંપન્ન કરી રહ્યો છું. ત્યાર બાદ કાળી હકીકની માળાથી નિમ્ન મંત્રનો જપ કરવોઃ

મંત્રઃ

ઓમ યં સ્વર્ણાકર્ષણ ગુટિકાયૈ મમ કાર્ય સિદ્ધિં કરિ કરિ હું ફટ

આ મંત્ર બે કલાક જપ કરવો અને ત્યારબાદ આ સ્વર્ણાકર્ષણ ગુટિકા પર ચઢાવેલું જળ તે રોગી વ્યક્તિને શરીર પર અને ઘરમાં છાંટી દેવું- આમ કરવાથી શીઘ્ર જ તેને પૂર્ણ સ્વાસ્થ્ય લાભ પ્રાપ્ત થાય છે.

આ પ્રયોગને ત્રણ સોમવાર સુધી સંપન્ન કરવાનો છે. ત્યારબાદ રોગીના શરીર પર બધી જ સામગ્રીઓનો સ્પર્શ કરાવીને પાણીમાં વિસર્જિત કરી દો.

યંત્ર-મંત્ર-તંત્ર
યજ્ઞેશ ત્રિવેદી

શ્રાવણ મહિનામાં રુદ્રાભિષેક-રુદ્રી કરાવો અને આર્થિક-શારીરિક-માનસિક શાંતિ મેળવો

'રુદ્રી પાઠ' કરવાથી શું થાય છે?

રુદ્રી પાઠના લાભઃ પાપોનો નાશ. રુદ્રી પાઠ જન્મ જન્માંતરોનાં પાપો નષ્ટ કરવામાં મદદરૂપ થાય છે.

રોગોમાંથી મુક્તિઃ રુદ્રી પાઠ... વિશેષ રૂપે રુદ્રાભિષેકની સાથે, શારીરિક અને માનસિક રોગોમાંથી મુક્તિ અપાવે છે.

સુખ-સમૃદ્ધિઃ ધન, સંપત્તિ, પુત્ર, પૌત્ર અને સમૃદ્ધિની પ્રાપ્તિમાં મદદરૂપ થાય છે.

રુદ્રી પાઠથી શું લાભ થાય છે?

રુદ્રી પાઠ - જેને 'રુદ્રાષ્ટાધ્યાયનો પાઠ' કહેવામાં આવે છે. ભગવાન શિવને સમર્પિત એક શક્તિશાળી સ્તોત્ર છે. તેનો પાઠ કરવાથી કેટલાય લાભ મળે છે... જેમાં પાપોનો નાશ, રોગોમાંથી મુક્તિ, સુખ-સમૃદ્ધિ, શત્રુઓ પર વિજય અને મનોકામનાઓની પૂર્તિનો સમાવેશ થાય છે.

શત્રુઓ પર વિજયઃ રુદ્રી પાઠ શત્રુઓને પરાજિત કરવા અને તેનાથી રક્ષણ મેળવવામાં મદદ કરે છે.

મનોકામનાઓ પૂરી કરવાઃ રુદ્રી પાઠ વિભિન્ન પ્રકારની મનોકામનાઓ પૂરી કરવામાં મદદ કરે છે... જેમ કે લગ્ન, સંતાન, નોકરી વગેરે.

અન્ય લાભોઃ રુદ્રી પાઠ - અકાળ મૃત્યુમાંથી રક્ષણ કરે છે. ગ્રહ દોષોને શાંત કરે છે અને નકારાત્મક ઊર્જાને દૂર કરે છે.

ઘર પર રુદ્રીનો પાઠ કરાવવાથી શું થાય છે?

ઘર પર રુદ્રી (રુદ્રાષ્ટ અધ્યાય)નો પાઠ કરવાથી ઘરમાં સકારાત્મક ઊર્જાનો સંચાર થાય છે. સુખ-શાંતિ જળવાઈ રહે છે. અને ભગવાન શિવની વિશેષ કૃપા મળે છે.

નકારાત્મક ઊર્જા દૂર થાય છેઃ ઘરનો માહોલ પવિત્ર અને શાંત બને છે.

માનસિક તનાવમાંથી શાંતિઃ મનને શાંતિ અને એકાગ્રતા મળે છે.

પારિવારિક ક્લેશનો નાશઃ ઘરના સભ્યો વચ્ચે પ્રેમ અને તાલમેલ વધે છે.

પાપોમાંથી મુક્તિઃ જૂનાં કર્મો અને દોષોનો પ્રભાવ ઓછો થાય છે. રોગોમાં રક્ષણઃ શારીરિક સ્વાસ્થ્ય ઘણું સારું થાય છે અને અંદેશાઓ ટળે છે.

સુખ-સમૃદ્ધિઃ- ઘરમાં ધન, ધાન્ય અને ઐશ્વર્યની વૃદ્ધિ થાય છે.

રુદ્રી પાઠ કેમ કરવામાં આવે છે?

શ્રાવણ મહિનામાં સંપન્ન થનારાં અનેક પવિત્ર અનુષ્ઠાનોમાં લઘુ રુદ્રી પૂજાનું વિશેષ મહત્ત્વ છે. તે શક્તિશાળી વૈદિક અનુષ્ઠાન મનોકામના પૂરી કરે છે... નડતરને દૂર કરે છે... અને ભક્તોને શાંતિ, સમૃદ્ધિ અને આધ્યાત્મિક ઉત્થાનના આશીર્વાદ મળે છે. રુદ્રાભિષેક ઘર અને મંદિર - બંને જગ્યાએ થઈ શકે છે. બંનેનું ફળ સરખું જ હોય છે.

મંદિરમાં પ્રાણ-પ્રતિષ્ઠિત શિવલિંગ પર રુદ્રાભિષેક કરવો સૌથી ઉત્તમ માનવામાં આવે છે. પરંતુ જો તમે ઘરે સંપૂર્ણ વિધિ-વિધાન (શુકલ યજુર્વેદિક મંત્રો અને વિદ્વાન પંડિતો દ્વારા) અને શ્રદ્ધાની સાથે શિવલિંગ કે પાર્થિવ શિવલિંગ ઉપર રુદ્રાભિષેક કરે છે, તો તમોને મંદિર જેટલું જ પુણ્ય ફળ પ્રાપ્ત થાય છે.

બીજી તરફ શ્રાવણ મહિનામાં શિવજીના મંદિરમાં એક શિવલિંગ ઉપર હજારો શિવભક્તોની ભીડ હોય છે તેથી તમારું 'ચિત્ત', 'મન' માંકડા જેવું થઈ જાય છે. કારણ કે દૂધ કે જળથી રુદ્રાભિષેક કરતા હોય તો વચમાં વચમાં શિવભક્તો બિલિપત્ર ચઢાવે, દહીં કે દૂધ ચઢાવે. કોક વળી ઘી કે મધ ચોપડે. ફૂલ ચઢાવે... આ ઉપરાંત શરમ વગર મોટે મોટેથી આવડે નહીં છતાં અધકચરા મંત્રો બોલી-બોલીને બીજાને પૂજા કરતા ખલેલ પહોંચાડે છે!

જ્યારે ઘરમાં પૂજા કરવાથી સંપૂર્ણ એકાગ્રતા, શ્રદ્ધા, વિશ્વાસ અને શાંતિથી પૂજા થાય છે અને તેનું ફળ પણ આપણને સંપૂર્ણ મળે છે.

ગ્રહ દોષ શાંતિઃ તેના પ્રભાવથી કુંડળીના બધા અશુભ ગ્રહ દોષો - ખાસ કરીને રાહુ-કેતુ અને શનિની મહાદશા શાંત થાય છે. રુદ્રી પાઠના માધ્યમથી ભગવાન શિવની કૃપા સરળતાથી પ્રાપ્ત થાય છે. જેનાથી સાધકના જન્મ-જન્માંતરનાં પાપોનો નાશ થાય છે અને આધ્યાત્મિક ઉન્નતિનો માર્ગ પ્રશસ્ત થાય છે.

શ્રાવણ મહિનામાં રુદ્રાભિષેક ક્યારે કરાવવો જોઈએ?

એમ તો શ્રાવણ મહિનો જ અત્યંત પવિત્ર ગણાય છે. આખો મહિનો શિવજીની કૃપા થાય છે. છતાં પણ શ્રાવણ સોમવાર, પ્રદોષ વ્રત અને તેરસની તિથિના દિવસે રુદ્રાભિષેક કરવો સૌથી ઉત્તમ માનવામાં આવે છે.

તા. ૧૩ ઑગસ્ટ ૨૦૨૬થી શ્રાવણ મહિનો શરૂ થાય છે. આ દરમિયાન આપણે 'આર્થિક', 'શારીરિક' અને 'માનસિક' રીતે સુખી થવા માટે રુદ્રાભિષેક કોઈ જાણકાર પાસે ઘરે સંપન્ન કરાવીને લાભ લેવો જોઈએ.

જડીબુટ્ટી
નજુમી

મારી પુત્રીના લગ્નમાં વિલંબ કેમ થાય છે? ગ્રહોના કારણે લગ્નમાં વિલંબ

કુંડળીમાં ગ્રહોના કારણે લગ્નમાં વિલંબ થતો હોય છે. એક બહેનની પુત્રી છે. તેમની પુત્રીને ત્રીસ વર્ષ થયાં હજુ લગ્ન થતાં નથી. યોગ્ય પાત્ર મળતું નથી. તેમની પુત્રીની કુંડળીમાં તુલા લગ્ન છે. જેમાં ચંદ્ર અને કેતુ છે. બીજે વૃશ્ચિક રાશિમાં શનિ છે. ચોથે મકરનો નીચનો ગુરુ છે. સાતમે મેષ રાશિમાં રાહુ છે - જેના કારણે લગ્નમાં વિલંબ થાય છે.

સપ્તમેશ પતિ સ્થાનનો માલિક મંગળ અગિયારમાં સ્થાનમાં સિંહ રાશિમાં છે. બારમે કન્યાનો શુક્ર-સૂર્ય છે. અત્યારે યોગ સારા ચાલે છે. તેમની પુત્રીને રાહુનો નંગ ગળામાં અને ચંદ્ર હાથમાં ધારણ કરવાની સલાહ આપવામાં આવી છે જેથી લગ્નજીવનમાં વાંધો આવે નહીં. આ ઉપરાંત શીઘ્ર વિવાહ માટે 'ગૌરી-શંકર રૂદ્રાક્ષ' તથા લગ્ન થવાના મંત્રોથી સિદ્ધ થયેલો ધારણ કરવાથી લગ્નમાં વિલંબ દૂર થઈ જાય.

સૂર્ય-શનિની યુતિનું ફળ

એક બરોડા સ્થિત બહેન છે. તેમની પુત્રીની કુંડળીમાં વૃષભ લગ્ન છે. આ બહેનની પુત્રીનાં લગ્ન થઈ ગયાં છે. સાત વર્ષ થયાં સંતાન નથી. તેમની પુત્રીની કુંડળીમાં આઠમે સૂર્ય-શનિ-બુધ પડેલ છે. શનિ-સૂર્યની યુતિના કારણે પિતાનું સુખ નથી. પિતા હયાત નથી. તથા પંચમઃ સંતાન સ્થાનનો માલિક બુધ આઠમે છે. આથી બુધ ધારણ કરવા કહ્યું છે. બીજું ચંદ્ર પણ નબળો છે. આથી ચંદ્ર પણ ધારણ કરવાની જરૂર છે. તેમની પુત્રી સી.એ.નો અભ્યાસ કરે છે, તેમાં પણ વિઘ્નો આવે છે!

કુંડળીના ગ્રહોનું પરિણામ શું આવે છે!

એક ખૂબ જ સુખી કુટુંબના ભાઈ છે. આ ભાઈને બે પુત્રો છે. તેમના એક છોકરાની સગાઈ કરવાની હતી. આથી બતાવવા માટે આવ્યા હતા. તેમના પુત્રની કુંડળીમાં વૃષભ લગ્ન છે. બીજે મિથુન રાશિમાં ગુરુ છે. ત્રીજે કર્કનો કેતુ છે. છઠ્ઠે પત્ની સ્થાનનો માલિક છઠ્ઠે તુલા રાશિમાં છે. સાતમે વૃશ્ચિક રાશિમાં સૂર્ય-બુધ છે. આઠમે ધન રાશિમાં શનિ છે. નવમે મકર રાશિમાં રાહુ-ચંદ્ર-શુક્ર છે. આ ભાઈને કીધું કે, છોકરાને સૂર્યનો નંગ માણેક પહેરાવો અને ચંદ્ર પહેરાવો. સાતમે બુધ હોવાથી પત્ની તો ગુલામ થઈને રહેશે. બંને ભાઈઓ વચ્ચે સારું બને છે. ચંદ્ર ત્રીજા સ્થાનનો માલિક થઈ નવમે નીચનો હોવાથી બંને ભાઈઓને ભવિષ્યમાં બનશે નહીં.

સમસ્યા અને સમાધાન
વાય.જે.ટી.